॥ સ્વામિશ્રીજી ॥

તા-૧૩/૭/૨૦૨૨, ગુરુપૂર્ણિમા<br>
ધૂન : સુધીરભાઈ અંધારીયા (વડોદરા)

રચના :- ભૂલકું સાધ્વી સ્વીકાર<br>
સંગીત : જયભાઈ જોષી, વડોદરા<br>
ગાયક : નરેશભાઈ પરમાર

## ભજન :- બંધાયા અમે 'પ્રેમ'ની પ્રીતે...

મુખડું પ્રેમની પ્રીતિના પાલવડે (૧+૧)<br>
બંધાયા અમે પ્રેમની પ્રીતે<br>
બંધાયા અમે પ્રેમની પ્રીતિના પાલવડે (કોરસ)<br>
હૈયે હરખ ના સમાય અમને (૧+૧) - ૨<br>
હેત થયું છે આપમેળે<br>
બંધાયા અમે પ્રેમની પ્રીતે (કોરસ)<br>
પ્રેમની પ્રીતિના પાલવડે (કોરસ)<br>
બંધાયા અમે પ્રેમની પ્રીતિના પાલવડે (કોરસ)<br>
બંધાયા અમે પ્રેમની પ્રીતે (કોરસ)<br>
પ્રેમની પ્રીતિના પાલવડે (કોરસ)<br>
બંધાયા અમે પ્રેમની પ્રીતિના પાલવડે (કોરસ)<br>
બંધાયા અમે પ્રેમની પ્રીતિના પાલવડે

અંતરા-૧ એમના વિશ્વાસે વિશ્વાસ બંધાયો; શ્વાસે શ્વાસે પુણ્ય થયું (૧+૧) -૨<br>
સંબંધ થયો આપમેળે (૨)<br>
બંધાયા અમે પ્રેમની પ્રીતે (કોરસ)<br>
પ્રેમની પ્રીતિના પાલવડે (કોરસ) પ્રીતિના પાલવડે

અંતરા-૨ સહજ (સરલ) વાણી વર્તને હૈયું વિંધાયું; ભજનનો દોર બંધાયો (૧+૧) -૨<br>
મૂર્તિ બંધાઈ આપમેળે, (૨)<br>
બંધાયા અમે પ્રેમની પ્રીતે (કોરસ)<br>
પ્રેમની પ્રીતિના પાલવડે (કોરસ) પ્રીતિના પાલવડે

અંતરા-૩ પરમયાત્રાને 'પ્રેમ' થકી પામીએ; લગની થઈ ફના થવાની (૧+૧) -૨<br>
નિષ્ઠા થઈ આપમેળે (૨)<br>
બંધાયા અમે પ્રેમની પ્રીતે (કોરસ)<br>
પ્રેમની પ્રીતિના પાલવડે (કોરસ) પ્રીતિના પાલવડે

અંતરા-૪ 'પ્રેમ'ની મૂર્તિમાં પામ્યા 'હરિપ્રસાદ'; 'પ્રેમ'ની મૂર્તિમાં હરિદર્શન થયા (૧+૧) -૨<br>
સ્વીકાર થયો આપમેળે (૨)<br>
બંધાયા અમે પ્રેમની પ્રીતે (કોરસ)<br>
પ્રેમની પ્રીતિના પાલવડે (કોરસ) પ્રીતિના પાલવડે

***